Gujarat Chamber of Commerce & Industry
ગુજરાત વેપારી મહામંડળ
GCCI
Azadi Ka Amrit Mahotsav
Hemant Shah President | Pathik Patwari Sr. Vice President | Sanjeev Chhajer Vice President | Sachin Patel Hon. Secretary | Mahesh Puj Hon. Secretary (R) | Navroz Tarapore Hon. Treasurer

૩ ફેબ્રુઆરી, ૨૦૨૨/15153

શ્રી જગદીશભાઈ પંચાલ
*માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી*
વન અને પર્યાવરણ વિભાગ
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષય: GIDC નારીગામ ઔદ્યોગિક વસાહતમાં પ્લોટની ફાળવણી બાબત.**

**માનનીય મંત્રીશ્રી,**

અમારા સભ્ય એસોસીયેશન ચિત્રા ઈન્ડસ્ટ્રીઝ એસોસીયેશન, ભાવનગર તેમજ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ભાવનગર તરફથી ઉપરોક્ત વિષય બાબતે આપશ્રીને રજૂઆતો પાઠવવામાં આવી છે જેની નકલ આપશ્રીને આ સાથે બિડાણ કરીએ છીએ.

તેમની રજૂઆતમાં જણાવ્યા મુજબ નારીગામ ઔદ્યોગિક વસાહત નીચાણવાળા વિસ્તારમાં વિક્સીત થયેલ છે જેને કારણે ચોમાસામાં આજુબાજુ નદીઓનું પાણી એસ્ટેટમાં ૫ થી ૬ માસ સુધી ભરાયેલું રહે છે. આને કારણે વસાહત પાસેથી પસાર થતો નેશનલ હાઈવે પણ જમીન કરતાં ૭ ફુટ ઉંચો તથા GIDC ના રોડ પણ જમીનથી ૬ ફુટ ઉંચા બનાવેલ છે જેમાં વધારાનો ખર્ચ થયેલ છે. વધુમાં જણાવવાનું કે ખૂબજ ટુંકાગાળાની નોટીસથી ડ્રો અને પ્લોટ એલોટમેન્ટની પ્રક્રીયા થયેલ છે અને ડાઉન પેમેન્ટ ભરવા માટે પ્લોટ ફાળવણીદારોને ફક્ત ૬૦ દિવસનો જ સમય આપવામાં આવેલ છે તેમજ નારીગામ ઔદ્યોગિક વસાહતને સરકારશ્રી તરફથી અપેક્ષિત સબસીડી પણ મળેલ નથી જેથી ફાળવવામાં આવેલ જમીનની કિંમતમાં વધારો થયેલ છે.

ઉપરોક્ત બાબતો તેમજ કોરોના મહામારીને કારણે ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લેતા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે,

૧. નારીગામ ઔદ્યોગિક વસાહતમાં પ્લોટની રકમ ભરવાની તારીખ ૩૦-૪-૨૦૨૨ ગણવામાં આવે.
૨. પ્લોટના ડાઉન પેમેન્ટ ૧૫% ભરવાનો વિકલ્પ આપવામાં આવે.
૩. પ્લોટમાં નિચાણવાળા વિસ્તારના કારણે પુરાણ/ભરતી તથા પાયાનો વધારે ખર્ચ થવાનો હોય, હાલ નિયત થયેલ ફાળવણી કિંમતમાં MSME ઉદ્યોગોના હિતમાં રૂા.૭૦૦/- ચો.મી. ઘટાડો કરી આપવામાં આવે.

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India.
+91-79-2658 2301/2/3/4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

આ અંગે આપના સકારાત્મક નિર્ણયની અપેક્ષા રાખીએ છીએ.

આપનો વિશ્વાસુ,

**હેમંત એન. શાહ**
**પ્રમુખ.**

**બીડાણ : ઉપર મુજબ**

**<u>નકલ રવાના :</u>**

**૧. શ્રી એમ. થેન્નારસન (IAS)**
મેનેજીંગ ડીરેક્ટર
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
બ્લોક નં.૩, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧
ગાંધીનગર.

**૨. પ્રમુખ**
ચિત્રા ઈન્ડસ્ટ્રીઝ એસોસીયેશન
૨૮૯, GIDC એસ્ટેટ, ચિત્રા,
ભાવનગર-૩૬૪૦૦૪

**૩. પ્રમુખ**
સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
૩૧૫, સાગર કોમ્પ્લેક્ષ, નાકુબાગ
ભાવનગર-૩૬૪૦૦૧.

૩ ફેબ્રુઆરી, ૨૦૨૨

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India.
+91-79-2658 2301/2/3/4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

# CHITRA INDUSTRIES ASSOCIATION

CIA ESTD. 1969

289, G.I.D.C. Estate, Chitra, Bhavnagar - 364 004. Phone : 0278 - 2446450
Website : www.ciaindia.org • E-mail : chitragidc@gmail.com

2018 - 2020

Dilipbhai Kamani
President

Pankajbhai Pandya, Imm. Past. President | Nalinbhai Mehta, Vice President | Jigneshbhai Savani, Hon. Secretary | Birjubhai Mehta, Hon. Jt. Secretary | Dhirubhai Siddhapura, Hon. Jt. Secretary | Amitbhai Raval, Treasurer

Ref. No. CIA/ Date :

CIA/ 2021 - 2022 /489

પ્રતિ, તા. ૭/૧/૨૦૨૨

માનનીય શ્રી જગદીશભાઈ પંચાલ,
માનનીય ઉધોગમંત્રી શ્રી,
ગુજરાત રાજય,
મા.ઉધોગમંત્રીશ્રી નું કાર્યાલય,
ગાંધીનગર.

વિષયઃ— **જીઆઈડીસી નારીગામ ઔધોગીક વસાહતમાં પ્લોટની ફાળવણી બાબત.**

માનનીય સાહેબ,

માનનીય મુખ્યમંત્રીશ્રી ધ્વારા ચેરમેનશ્રી, વી.સી.એન્ડ એમ.ડી શ્રી જીઆઈડીસી તથા આપની હાજરીમાં તા.૧૭/૧૨/૨૦૨૧ના રોજ નારીગામ ઔધોગીક વસાહતના MSME પ્લોટનો ડ્રો કરી ફાળવણી કરેલ છે. જે અંગે અમો આપ સૌનો આભાર માનીએ છીએ.

આપ સુવિદિત છો કે, હાલમાં કોરોનાની પરીસ્થિતીને અનુલક્ષીને વ્રાઈન્ટ સમીટ મોકુફ રાખવમાં આવેલ છે. છેલ્લા બે વર્ષથી ઉધોગકારો કોરોના ને કારણે નાંણાકીય મૂશ્કેલી ભોગવી રહયા છે. વધુમાં નારીગામ ઔધોગીક વસાહત નીચાણવાળા વિસ્તારમાં વિકસીત થયેલ છે. જેના કારણે ચોમાસામાં આજુબાજુની નદી માલેશ્રી, કાળુભાર વગેરેનું પાણી એસ્ટેટમાં ૫ થી ૬ માસ ભરાયેલ રહે છે. આના કારણે વસાહત પાસેથી પસાર થતો નેશનલ હાઈવે પણ જમીન કરતા ૭ ફુટ ઉચોં તથા જીઆઈડીસી ના રોડ પણ જમીનથી ૬ ફુટ ઉચાં બનાવેલ છે.

નારીગામ જીઆઈડીસી એસ્ટેટને સરકારશ્રી તરફથી અપેક્ષીત સબસીડી ન મળવાને કારણે જમીનના ભાવમાં પણ અસહય વધારો થયેલ છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ અમારી નમ્ર વિનંતી છે કે,
(૧) નારીગામ ઔધોગીક વસાહતમાં પ્લોટ ફાળવણી ની તારીખ ૩૦/૪/૨૦૨૨ ગણવામાં આવે.
(૨) પ્લોટના ડાઉન પેમેન્ટ ૧૫ % ભરવાનો વિકલ્પ આપવામાં આવે.
(૩) પ્લોટમાં નીચાણવાળા વિસ્તારના કારણે પુરાણ/ભરતી તથા પાયાનો વધારે ખર્ચ થવાનો હોય, હાલ નિયત થયેલ ફાળવણી કિંમતમાં MSME ઉધોગોના હીતમાં રૂા.૭૦૦/— ચો.મી. ધટાડો કરી આપવા વિનંતી.

ઉપરોકત બાબતો સહાનુભુતીપૂર્વક વિચારણામાં લઈ સત્વરે નિર્ણય થઈ આવવા નમ્ર વિનંતી.

આપના સહકારની અપેક્ષાએ.

આપનો વિશ્વાસુ,

( દીલીપભાઈ કમાણી )
પ્રમુખ,
ચીત્રા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,
ભાવનગર.

CS Scanned with CamScanner

# SAURASHTRA CHAMBER OF COMMERCE AND INDUSTRY

315, Sagar Complex, Nakubaug, Bhavnagar-364001. 0278-2424279
scci.bhavnagar@gmail.com
www.saurashtrachamber.org

2020-2022

| President | Vice President | Hon. Secretary | Hon. Secretary | Hon. Treasurer |
|---|---|---|---|---|
| KIRIT SONI | TEJAS SHETH | PRAKASH GORASIA | KETAN MEHTA | KISHOR BHAYANI |
| M. 9824 21 5360 | M. 9825 20 6838 | M. 9426 22 1101 | M. 9825 30 7900 | M. 9825 20 8171 |


નંબર:- SCCI/૨૦૨૧-૨૨/૦૨૨૭ તા.૦૬.૦૧.૨૦૨૨

પ્રતિ,

**શ્રી એમ. થેન્નારસન (IAS)**

મેનેજીંગ ડાયરેક્ટર અને ઉપાધ્યક્ષ,

ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન,

ગાંધીનગર.

**વિષય:- નારી (ભાવનગર) જીઆઈડીસીમાં પ્લોટ ફાળવણીદારોને ડાઉન પેમેન્ટ ભરવાનો સમયગાળો તા.૩૦.૦૪.૨૦૨૨ સુધી લંબાવવા બાબત.**

**માનનીયશ્રી,**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપના વિભાગ હસ્તક નારી જીઆઈડીસીમાં પ્લોટ ફાળવણી અંગેની કામગીરી શરૂ થયેલ છે તે બાબત ખુબ જ આવકાર્ય છે અને આ માટે સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી વતી આપનો આભાર માનું છું.

વિશેષમાં જણાવવાનું કે ખુબ જ ટૂંકા ગાળાની નોટીસથી ડ્રો અને પ્લોટ એલોટમેન્ટની પ્રક્રિયા થયેલ છે અને ડાઉન પેમેન્ટ ભરવા માટે પ્લોટ ફાળવણીદારોને ફક્ત ૬૦ દિવસનો જ સમય આપવામાં આવેલ છે.।તેથી આપશ્રીને જણાવવાનું કે હાલમાં ગુજરાત સહીત સમગ્ર દેશ અને દુનિયામાં કોરોના મહામારીમાં સતત વૃદ્ધિ થઇ રહી છે તેના કારણે ઉદ્યોગ-ધંધાને પણ વિપરીત અસર પહોંચેલ છે. વર્તમાન પરિસ્થિતિનાં કારણે કાચા માલના ભાવમાં પણ સતત વધઘટ થાય છે જેની સીધી અસર ઉત્પાદન ઉપર પડે છે. આ ઉપરાંત માર્ચ માસ નજીક આવતો હોવાથી વેપારીઓ અને ઉદ્યોગકારો હિસાબી તથા જુદા-જુદા રીટર્ન ભરવાની કામગીરીમાં વ્યસ્ત રહેશે તેથી ડાઉન પેમેન્ટ ભરવાની તારીખ ૩૦.૦૪.૨૦૨૨ સુધી લંબાવી આપવા વિનંતી છે.

આપના સાનુકૂળ પ્રત્યુતરની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

Kirit Soni

કિરીટ સોની

પ્રમુખ